પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2261 0835 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 04 જુલાઈ 2018

**આરબીઆઈ બનાવટી ઈ-મેલ વિષે ચેતવણી આપે છે**

ભારતીય રિઝર્વ બેંક સમયાંતરે આરબીઆઈના નામનો ઉપયોગ કરતા અને સામાન્ય જનતાને છેતરતા અનૈતિક તત્વોની પ્રવૃત્તિઓ વિષે ભારપૂર્વક પુન:ઉચ્ચારણ કરે છે. આવા તત્વો આરબીઆઈના બનાવટી લેટર હેડ નો ઉપયોગ કરે છે, આરબીઆઈના કર્મચારીઓ હોવાનો સ્વાંગ ધારણ કરીને ઈ-મેલ મોકલે છે અને લોકોને બનાવટી ઓફરો / લોટરીમાં જીત / વિદેશમાંથી વિદેશી ચલણમાં સસ્તું ફંડ મોકલવાનું પ્રલોભન આપે છે. લક્ષાંકિત જનતાને કરન્સી પ્રોસેસિંગ ફી, વિદેશી ચલણ રૂપાંતર ફી, પૂર્વચૂકવણી વગેરે સ્વરૂપે નાણા આપવાની ફરજ પાડે છે. આરબીઆઈ તેના "જાહેરજનતા જાગરૂકતા અભિયાન" ના ભાગ રૂપે વિવિધ પદ્ધતિઓ જેવી કે જાહેર જનતાના સભ્યોને એસએમએસ મોકલવા, આઉટડોર જાહેરાત આપવી અને જાગરૂકતા માટે ફિલ્મો પ્રદર્શિત કરવી વગેરે દ્વારા બનાવટી ઈ-મેલ પર જાગૃતિ ફેલાવી રહેલ છે.

**આરબીઆઈ નીચેનાનું પુન:ઉચ્ચારણ કરે છે:**

- આરબીઆઈ વ્યક્તિઓ માટે કોઈપણ ખાતા રાખતી નથી
- આરબીઆઈના અધિકારીઓના નામોનો સ્વાંગ ધારણ કરનારાઓથી સાવધાન
- આરબીઆઈમાંથી કોઈપણ વ્યક્તિ લોકોને લોટરીમાં જીત / વિદેશમાંથી પ્રાપ્ત ફંડ વિષે ફોન કરતી નથી
- આરબીઆઈ લોટરી ફંડના એવોર્ડની સૂચના આપતા કોઈપણ પ્રકારના ઈ-મેલ મોકલતી નથી
- આરબીઆઈ લોટરીની જીત અથવા વિદેશમાંથી પ્રાપ્ત ફંડ અંગેની બનાવટી ઓફરો વિષે સૂચના આપવા માટે કોઈપણ પ્રકારના એસએમએસ અથવા પત્ર અથવા ઈ-મેલ મોકલતી નથી
- ભારતીય રિઝર્વ બેન્કની એક માત્ર સત્તાવાર અને સાચી વેબ-સાઈટ (https://www.rbi.org.in/ અથવા https://rbi.org.in/) છે અને જાહેર જનતાના સભ્યોને સતર્ક રહેવાની અને બનાવટી લોગો સાથે

‘Reserve Bank‘, ‘RBI’ વગેરેથી શરુ થતા એક સરખા સરનામાં વાળી બનાવટી વેબ-સાઈટથી ગેરમાર્ગે નહી દોરાવવાની સલાહ આપવામાં આવે છે.

- આવા પ્રપંચ/ છેતરપીંડી વિષે સ્થાનિક પોલીસ અથવા સાયબર ગુન્હાના સત્તાવાળાઓને તાત્કાલિક જાણ કરવી

જાહેર જનતાના સભ્યોને આવા લોકો / એકમો તરફથી મળતા સંદેશા વ્યવહારનો પ્રત્યુત્તર નહી આપવાની અને આરબીઆઈના નામના કપટયુક્ત ઈ-મેલનો શિકાર નહી બનવાની સલાહ આપવામાં આવે છે.

જોશ જે. કટ્ટૂર

મુખ્ય મહાપ્રબંધક

**પ્રેસ પ્રકાશન: 2018-2019/34**